# ખંભાત નગરપાલિકા, ખંભાત
## લાઈટ કમીટી ઠરાવ નંબર. ૧૪
## તારીખ. ૧૩–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે કે નગરપાલિકાનો લાઈટ ખાતાનો ઉડી ગયલ ભંગાર માલ સામાનનો નિકાલ કરવા કાર્યવાહી કરી તા.૨૮–૭–૨૦૧૬ ના રોજ દૈનિક નયા પડકારમાં જાહેરાત કરેલ તેમાં ૩ ત્રણ ભાવ પત્રકો આવેલ તેમાંથી બે ભાવ પત્રકો સમય બહાર આવેલ જે ટેન્ડર જે સમય મર્યાદામાં આવેલ હતું તેની કીંમત રૂા.૨૫૫૦૦/– હતી છતાં પણ ન.પા.એ ના મંજુર કરેલ હતું.

ત્યારબાદ સદર માલ સામાન નો નિકાલ કરવા જરૂરી કાર્યવાહી કરી તા.૨૮–૬–૨૦૧૭ ના રોજ નયા પડકારમાં જાહેરાત પ્રસિધ્ધ કરતાં સમય મર્યાદામાં બે ભાવ પત્રકો આવેલ જેના સૌથી વધુ ભાવ રૂા.૪૦૫૦૦/– આવેલ ત્યાર બાદ બંને એજન્સીઓને રૂબરૂમાં તા.૧૩/૭/૧૭ના રોજ બોલાવતા સદર માલસમાન નો ઉચ્ચ ભાવ રૂા.૪૮૫૦૦/– માં માંગણી કરેલ જે માલની કીંમત કરતાં ઓછી હોવાથી ચી.ઓ.શ્રી એ ફરીથી કાર્યવાહી કરવા જણાવેલ.

ત્યાર બાદ જરૂરી માલ સામાનનો નિકાલ કરવા તા.૧૬–૭–૧૭ નયા પડકારમાં જાહેરાત પ્રસિધ્ધ કરતા સમય મર્યાદામાં એક પણ ભાવ પત્રક ઈસ્યુ થયેલ નહી તેથી ફરીથી તા.૧૨–૮–૧૭ ના રોજ આજ કા પ્રતિબંધ અને તા.૧૬–૮–૧૭ ના રોજ લોક રૂપી સાપ્તહીકમાં જાહેરાત પ્રસિધ્ધ કરતા પણ એક પણ ભાવ પત્રક ઈસ્યુ થયેલ નહી.

જયારે લાઈટ ખાતાનો ઉડી ગયેલ માલ સામાન જે ગોડાઉનોમાં રાખવામાં આવેલ ગોડાઉનોનું રીનોવેશન કરવાનું હોઈ સદર ગોડાઉનો તાકીદે ખાલી કરવાના જરૂરી હતા. ત્યાર બાદ તા.૧૩–૯–૧૭ના રોજ ફેજ સ્કેપ ટ્રેડર્સ વાળાઓ રૂબરૂમાં આવી લાઈટ ખાતાનો તમામ માલ સામાન જોઈને તેઓએ સદર માલ સામાન ઉચ્ચક રૂા.૪૯૦૦૦/– માં રાખવા આપેલ અને અરજી બાબતે ચી.ઓ.શ્રીના અભીપ્રાય મુજબ તેઓની માંગણી મુજબમાં લાઈટ ખાતાનો માલ સામાન આપવા અને સદર માલ સામાનની થતી રકમ રૂા.૪૯,૦૦૦/– નગરપાલિકામાં જમા કરાવીને સદર એજન્સીને ટેન્ડરમાં જણાવ્યા મુજબનો માલ સામાન આપવા જણાવેલ અને આપેલ છે તે ઉપરોકત બાબત મંજુર કરવામાં આવે છે.

સહી.શ્રી મનિષાબેન એમ. વાલ્મિક<br>
ચેરમેન<br>
લાઈટ કમિટી<br>
ખંભાત નગર સેવા સદન<br>
સહી.શ્રી પ્રકાશભાઈ એન. પટેલ<br>
સહી.શ્રી કલ્પનાબેન પી.પ્રજાપતિ<br>
સહી.શ્રી શિલ્પાબેન આર.પટેલ<br>
સહી.શ્રી અશોકભાઈ આર ખલાસી<br>
સહી.શ્રી નગીનભાઈ આર.મહીડા